**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૭/૦૪/૨૦૧૮ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૮૦૮/૧૮**

## પેસેન્જર લુંટના આરોપીઓને પકડી પાડી લુંટનો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ઈન્ચાર્જ ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા લુંટ/ચેઈન સ્નેચીંગના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.સફીકએહમદ સિરાજએહમદ તથા પો.કો.ભરતભાઈ નાનજીભાઈનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) મોહસીન સ/ઓ બસીરભાઈ ગુલામમહમદ વોરા ઉ.વ. ૩૫ રહે નારાયણદાસની ચાલી, બહેરામપુરા, દાણીલીમડા, અમદાવાદ શહેર (૨) અસ્પાકહુસેન સ/ઓ સરદારહુસેન ઈસ્તીયાહુસેન સૈયદ ઉ.વ.૨૭,રહે બ્લોક નં ૪૭, મ,ન. ૧૪૮૭, બાબા ગરીબની યોજના ચાર માળીયા, (પાકિસ્તાન) સદભાવના નગર, વટવા,અમદાવાદ શહેર (૩) અસ્લમ સ/ઓ સલીમભાઈ અબ્દુલરહેમાન શેખ ઉ.વ.૩૫ રહે : મ.નં.૨૮૨ બ્લોક નં.૬૬ સદભાવનાનગર વટવા ક્રોસિંગ ચાર માળિયા વટવા અમદાવાદ શહેરનાઓને પકડી લઈ લુંટ કરી મેળવેલ રોકડા રૂ.૧૩૦૦/- તથા ગુનામાં ઉપયોગમાં લીધેલ સ્ટીલની છરી તથા સી.એન.જી.ઓટો રીક્ષા નં.જીજે.૨૭.ડબલ્યુ.૮૭૨૧ કિ,રુ,૯૦,૦૦૦/ મળી કુલ્લે કિ,રુ,૯૧,૩૦૦/ નો મુદામાલ તપાસ અર્થે કબજે કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૫૪/૨૦૧૮ ઈપીકો કલમ-૩૯૨,૩૯૭,૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો શોધી કાઢી પેસેન્જર લુંટના આરોપીઓને પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે અને આ કામના આરોપીઓ પૈકી આરોપી મોહસીન સ/ઓ બસીરભાઈ ગુલામમહમદ વોરાનાઓ અગાઉ પણ પેસેન્જર લુંટ જેવા ગુનામાં પકડાયેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે,અને સદરી આરોપીઓની પુછપરછ કરતા અમદાવાદ શહેરમાં બીજા ત્રણેક પેસેન્જર લુંટના ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરતા હોય જેઓના રિમાન્ડ મેળવવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.